સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

રેલ્વે હવન કૂંડે જિંદગીઓ હોમાઈ જાય છે,
અને દવાખાનામાં ફૂલડાં કરમાઈ જાય છે.
ધરબાઈ જાય તપાસ ને પડી જાય પરદો -
ડંફાસો સાંભળી ભોળી પ્રજા ભરમાઈ જાય છે...

હાઈકુ

આલા ની ટોપી,
પ્હેરાવી દે માલાને -
માપ વગર...
(ચૂંટણી લક્ષી ફેરફાર)

કરો સ્વાગત,
ને નાખી દો વખારે -
પક્ષપલ્ટુ ને...
(આ.જા. ફસાજા)

ચિંતન

અરથ બિહૂના સંબરે નારી, પરજા સંવરે પુહુમી ઝારી ।

ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

ધનહીન ગરીબ સ્ત્રી અને એવા પુરુષ સત્પુરુષ પરમાત્માનું સ્મરણ કરીને પરમપદ પ્રાપ્ત કરે છે. અનેક આધિ-વ્યાધિથી પ્રજા પરમાત્માનું સ્મરણ કરે છે અને છેવટે પરમાત્માની કૃપાથી મોક્ષ પામે છે.

સુદામાની સ્ત્રી ગરીબ હતી, તેણે પોતાના પતિને પ્રેરણા આપીને ભગવાનની પાસે દ્વારિકા મોકલ્યા હતા. ત્યાંથી પુષ્કળ ધન મળવાથી ભગવાન ઉપરની શ્રદ્ધામાં વધારો થયો હતો. પરિણામે ભગવાનની દૃઢ ભક્તિથી તેમણે પરમપદ પ્રાપ્ત કર્યું હતું. એ સિવાય પૃથ્વી પર એવાં અનેક સ્ત્રી-પુરુષો છે કે જેઓ શારીરિક અને માનસિક કષ્ટથી પીડામાંથી મુક્ત થવા માટે ભગવાનનું સ્મરણ કરે છે. ભક્તાધીન ભગવાન તેમના દુઃખો દૂર કરે છે. દુઃખો દૂર થતાં તેમની ભગવાન ઉપરની શ્રદ્ધા વધારે દૃઢ બને છે. પરિણામે સ્વરુપ નિષ્કામ ભક્તિથી તે મોક્ષને પામે છે.

સુવિચાર

- જે માણસ પોતાની જાત પર હકૂમત ન ચલાવી શકે તે સાચા અર્થમાં સ્વતંત્ર નથી - **પાયથાગોરસ**
- જે પ્રમાણે દિવસના પ્રકાશમાં રાત્રિનો અંધકાર છૂપો રહે છે તે જ પ્રકારે સુખની અંદર દુઃખનું અસ્તિત્વ વિલીન રહે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસની પ્રામાણિકતાનું એક માત્ર પ્રમાણે એ છે કે પોતાના સિદ્ધાંત ખાતર તે પોતાનું સર્વસ્વ હોમી દેવા તૈયાર છે કે નહિં - **અખંડ આનંદ**
- સુખ સદ્‌ગુણના પાયા ઉપર ઊભું થઈ શકે છે અને એમાંયે એ પાયો સત્યનો હોય એ અત્યંત આવશ્યક છે - **રામધારી સિંહ**
- સાહસ ભયની સામે આંખ મીંચવામાં નહિ, તેને જોઈને તેનો મુકાબલો કરવામાં છે - **અરેબિયન કહેવત**
- કોઈ ભલો માણસ કયારેય અચાનક ધનાઢ્ય થઈ શકે નહીં - **ફાધર વર્ગીસ**
- આજનું ઔષધ : મૂળાના રસમાં થોડું દહીં મેળવી ચહેરા ઉપર લગાવવાથી ચહેરો સુંવાળો ચમકીલો બને છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

સ્વાતંત્ર્ય સેનાની તથા કોંગ્રેસના અગ્રણી અનુભવી નેતા રફી અહમદ કીડવાઈ પાસે એક જણ મળવા આવ્યા. તેણે કહ્યું, 'સાહેબ, મારે દીકરીના લગ્ન લેવા છે અને પૈસા નથી, કંઈક મદદ કરો...' રફી સાહેબના સેક્રેટરીએ કાનમાં રફી સાહેબને કહ્યું, 'આ વ્યક્તિ વિરોક્ષ પક્ષમાં છે, એ આપના પક્ષ તથા અંગત રીતે આપનો વિરોધ કરે છે. આવાને સહાય ન કરાય.' રફી અહમદ કિડવાઈએ કહ્યું, 'ભાઈ, વિરોધ કરવાનું એમનું કામ છે. બસ તમે એને મારા ખાતામાંથી અત્યારે જ ચેક આપી દો.' એના ગયા પછી રફી સાહેબે એમના અંગત સચિવને કહ્યું, 'આ વ્યક્તિને મદદની કેટલી બધી જરૂર હશે કે તે જેને દુશ્મન ગણે છે તેની પાસે મદદ માગવા માટે આવવું પડ્યું છે. આવું કરતાં એના દિલ પર શી ગુજરાતી હશે? એની જરૂરતે એને એટલો મજબૂર કરી દીધો કે મારી પાસે મદદ માંગતા શરમ આવે તેમ છતાં તેને મારી પાસે આવવું પડ્યું છે... ખુદા ન કરે કાલે આપણે પણ એવા મજબૂર થઈએ, અને મેં પણ એની સાથે આંખ મેળવીને વાત ન કરી નહિતર એ વધુ ક્ષોભમાં મુકાત, અને શરમ નો માર્યો કદાચ રોઈ પડત.'

સામેની વ્યક્તિનો ખ્યાલ રાખવો જોઈએ. કોઈની મજબૂરીને અવસર ન સમજવો જોઈએ.

બદનામ કરવાની ધૃણાસ્પદ રાજનીતિ

તંત્રીસ્થાનેથી...

રાજકારણમાં એકબીજા વિરુદ્ધ કાદવ ઉછાળવાની હીન માનસિકતા વર્ષોથી ચાલી આવી છે. માણસ જયારે સામા માણસને ગંદો ચીતરવા કોશિશ કરે છે ત્યારે એમ સમજવું છે એની પાસે પ્રસ્થાપિત પદ્ધતિનો વિરોધ કરવાની ક્ષમતા ખૂટી ગઈ છે. પંડિત નહેરુની પ્રચંડ પ્રતિભા સામે ટકવાનું એમના વિરોધીઓ માટે શક્ય જ નહોતું. એ પોતાની આંતરરાષ્ટ્રીય ઈમેજની જ ફિકર કરતા હતા કારણ કે આઝાદ ભારતને તેઓ વૈશ્વિક ફલક પર મૂકવા કૃતસંકલ્પ હતા. પરંતુ એમની એ આંતરરાષ્ટ્રીય ખ્યાતિની ઈર્ષ્યા કરનારાઓએ એમને બદનામ કરવા માટે એમના અંગત જીવનની ખરીખોટી અફવાઓ ઉડાડીને એમને પરેશાન કરી મૂક્યા હતા. અનેક મહિલાઓ સાથે મીઠા સંબંધો હોવાની કપોલકલ્પિત વાર્તાઓ વહેલી થયેલી જેમાં તત્કાલીન વાઈસરોય લોર્ડ માઉન્ટ બેટનનાં સૌંદર્યવાન પત્ની સાથેના નહેરુના પ્રેમપ્રકરણ વિશે તો પાનાનાં પાનાં ભરીને લખાતું રહેલું. લેડી માઉન્ટબેટન અને નહેરુ વચ્ચેના નિર્દોષ લાગણીસભર સંબંધને વગોવવામાં એમના ટીકાકારોએ કોઈ જ કસર નહોતી છોડી. નહેરુ વિધુર વિધુર હતા એટલે અન્ય મહિલાઓ સાથે પણ એમનું નામ સાંકળવામાં આવેલું જેમાં સરોજિની નાયડુનાં પુત્રી પદ્મજા નાયડુ જેમને નહેરુએ રાજયપાલ બનાવેલા - એ બાબત પણ વિવાદાસ્પદ બની રહેલી. નહેરુના રહસ્યમંત્રી મથાઈએ 'નહેરુ યુગનાં સંસ્મરણો' શીર્ષક હેઠળ એક પુસ્તક લખીને વર્ષો પછી આ બધી વિસ્મૃતિની ગર્તામાં સમાઈ ગયેલી અફવાઓને જીવતી કરી મૂકી હતી. કોઈ પણ પ્રતિભાશાળી વ્યક્તિત્વને ઉતારી પાડવાનો ઔ સૌથી પહેલો ઉપાય છે. આવી અફવાઓ ઈંદિરા ગાંધી અને અટલ બિહારી વાજપેયી વિશે પણ ઊઠેલી. જન સાધારણને અખબાર કે ઈલેકટ્રોનિક મીડિયા મારફત આવી અફવાઓ જાણવા મળે છે ત્યારે એ કુતૂહલપૂર્વક એને મમળાવે છે, પોતાના નેતા-અભિનેતાને આવી સુંદરીઓ સાથે સંબંધ હોવાનું કયારેક તો એને અભિમાન પણ થાય છે. શ્રીકૃષ્ણને અનેક પ્રણય સંબંધો હતા એનું કૃષ્ણભક્તો ગૌરવ જ અનુભવે છે. પરંતુ જયારે કુત્સિત સંબંધો પાછફળ દુરાશય હોય ત્યારે એ વિસ્ફોટક પણ નીવડતા હોય છે. બાબા રામરહીમનો કિસ્સો આપણી નજર સામે છે. તાજેતરમાં ગુજરાતના કોંગ્રેસના નેતા વિશે આવી અફવાઓ ઊડી છે. અખબારો ટેબલ સ્ટોરીઝ બનાવી એ મુદ્દાને મમળાવ્યા કરે છે. કોંગ્રેસ સામે ચૂંટણી મુદ્દા તરીકે એને પદ્ધતિસર ઉછાળવાનું આયોજન થઈ રહ્યું હોય એમ રોજે રોજ એકની એક વાર જુદી જુદી રીતે મૂકી વાચકોનું ધ્યાન દોરવાની કોશિશ થઈ રહી છે. રાજકીય પ્રતિસ્પર્ધીને આ રીતે નબળો પાડવાની પદ્ધતિ વખોડવા પાત્ર જ ગણાય. રાજકારણ રાજકારણની રીતે લડાવું જોઈએ. એમાં વ્યક્તિની અંગત જિંદગીની નબળી કડીઓ જોડીને યેનકેન પ્રકારે એને હલકો ચીતરવાની રીત બરાબર નથી; એમાં માનવીય મૂલ્યોની ગરિમા સાચવાય તે જરૂરી છે. મુદ્દા આધારિત લડાઈને બદલે હવે આપણા રાજકારણીઓ કેટલા નીચા લેવલે ઊતરી ગયાછે, એનું આ નેત્રદીપક ઉદાહરણ છે. અખબારોના માધ્યમથી, ટીવી ચેનલોના માધ્યમથી, સોશિયલ મીડિયાનો ખરો ખોટો ઉપયોગ કરીને જયારે પાર્ટી કે એના આગેવાનોને બદનામ કરી લોકનજરમાં નીચા પાડવાની કોશિશ થાય છે ત્યારે આપણે લોકશાહીના સિદ્ધાંતોને પચાવવામાં કેટલા વામણા સાબિત થયા છીએ એની પ્રતીતિ થયા વગર રહેતી નથી. કોઈ એક મહિલાએ કોઈ એક પુરુષ સાથે પરસ્પરની સંમતિથી સાનુકૂળ સંબંધે કેળવ્યા હોય તો એ સમાજ માટે ચિંતાનો વિષય ન હોવો જોઈએ. કદાચ એ જે - તે વ્યક્તિઓનાં કુટુંબજીવનની સમસ્યા જરૂર બની શકે. આપણા એક વખતના મુખ્યમંત્રીના જીવનમાં આવો ઝંઝાવાત આવેલો અને એની એમની સૌમ્ય તથા લોકપ્રિય ઈમેજને સારો એવો ઘસારો પહોંચ્યો હતો. એથી એમને ને શાસક પક્ષને ચૂંટણીમાં પણ ઘણું નુકશાન વેઠવું પડેલું. અલબત્ત, નેતાના અંગત સંબંધોને કારણે પાર્ટીને વેઠવું પડે એ પણ આપણી અપરિપક્વ લોકશાહીની જ વિડંબના ગણાય.

બધા મનુષ્યો મારા સંતાનો છે...

અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

બ્રિટનના ઈતિહાસકાર એચ. જી. વેલ્સનો અભિપ્રાય છે કે સમગ્ર વિશ્વની છ મહાન વ્યક્તિઓમાં સમ્રાટ અશોક (ઈ.પૂ. ત્રીજી સદી) નો સમાવેશ છે. અશોકે પોતાના શાસનકાળમાં શિલાઓ, સ્તંભો અને ગુફાઓમાં ૪૨ અભિલેખો કોતરાવેલા છે. રવીન્દ્રનાથ ટાગોરનો વિચાર હતો કે અશોકે આ પથ્થરોમાં એવી રીતે પોતાનો અવાજ ભરી દીધો કે સદીઓ પણ સંભળાયા કરે. આ ૪૨માંથી ૩૬ ભારતમાં, ૨ નેપાળમાં, ૨ પાકિસ્તાનમાં અને ૨ અફઘાનિસ્તાનમાં છે.

આના કેટલાક મહત્ત્વનાં લખાણો આ રીતે છે :

(૧) કોઈ પ્રાણીને મારીને હોમ ન કરવો.

(૨) ઈન્દ્રિયોની લોલુપતા વધે એવા ઉત્સવો ન કરવા. આ બહુ ખરાબ બાબત છે.

(૩) મારા રાજયમાં અધિકારીઓએ ધર્મશાસન કરવું, પોતાના ક્ષેત્રમાં પોતાની ફરજ મુજબ વર્તવું.

(૪) માતાપિતાની સેવા કરવી ઉત્તમ છે, મિત્રો, સ્વજનો, બંધુભગિનીઓ, આચાર્યો અને સન્યાસીઓને દાન આપવું ઉત્તમ છે. આમનો અનાદર ન કરવો.

(૫) ઓછો ખર્ચ કરવો અને ઓછો સંગ્રહ કરવો ઉત્તમ છે.

(૬) સૌ કોઈએ ધર્મ અને ચારિત્ર્યમાં પ્રતિષ્ઠિત રહેવું, આ જ ઉત્તમ કાર્ય છે.

(૭) મારા અધિકારીઓ પણ આ રીતે જ વર્તે,.

(૮) બીજાની ભલાઈ કરવી, ભલાઈનું કામ ભલે કઠિન હોય.

(૯) હું ભોજન કરતો હોઉં, અંતઃપુરમાં હોઉં, શયનખંડમાં હોઉં પશુ શાળામાં હોઉં કે ઉદ્યાનમાં હોઉં કે અશ્વ સવારી કરતો હોઉં - કોઈ પણ સમયે વિના વિલંબે મારા સેવકોએ મારી પ્રજાની રજેરજ માહિતી મને આપવી.

(૧૦) કોઈ અધિકારી કે સેવકને જરા પણ સંદેહ કે શંકા થાય તો તરત ખુલાસો કરી લેવો.

(૧૧) ભલે કોઈ પુષ્કળ દાન આપે, પણ જો તેનામાં સંયમ, શુદ્ધિ, કૃતજ્ઞતા કે ભક્તિ ન હોય, તો તે ભ્રષ્ટ છે, પતિત છે.

(૧૨) આચરણ મંગળ રાખવું, એટલે નોકર ચાકર સાથે શિષ્ટ વ્યવહાર, વડીલો પ્રત્યે આદરનો ભાવ, પ્રાણીઓ તરફ દયા, આચાર્યો અને સંન્યાસીઓને દક્ષિણા વગેરે.

(૧૩) આ દેવોને પ્રિય અને પ્રિયદર્શી રાજા બધા સંપ્રદાયો, ગૃહસ્થીઓ અને સન્યાસીઓનું સન્માન કરે છે.

(૧૪) બધા સંપ્રદાયો એક સરખી વૃદ્ધિને પામે.

(૧૫) વાણીનો સંયમ રાખવો - પોતાના સંપ્રદાયની પ્રશંસા અને બીજાના નિંદા ન કરવી.

(૧૬) બધા મનુષ્યો મારા સંતાનો છે. મારી મનોકામના છે - સૌ કોઈનું હિત કરું.

ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ક્યારથી અમલી બન્યો?



ખજાનો

અનિલ પટેલ

અધિનિયમ

(૧) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ કયારથી અમલી બન્યો ?
(અ) ૩૧ માર્ચ ૧૯૯૪ (બ) ૩૧ માર્ચ ૧૯૯૦
(ક) ૩૦ સપ્ટેમ્બર ૧૯૯૫ (ડ) ૩૦ સપ્ટેમ્બર ૧૯૯૭

(૨) ભ્રષ્ટાચાર અધિનિયમમાં કુલ કેટલાં પ્રકરણો અને કલમો છે ?
(અ) ૪ પ્રકરણ, ૩૧ કલમ (બ) ૫ પ્રકરણ, ૩૧ કલમ
(ક) ૫ પ્રકરણ, ૨૧ કલમ (ડ) ૪ પ્રકરણ, ૨૧ કલમ

(૩) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ન્યાયાધીશોની નિમણૂંક કોણ કરે?
(અ) વડાપ્રધાન (બ) રાષ્ટ્રપતિ
(ક) ચીફ જસ્ટીસ (ડ) રાજય અને કેન્દ્ર સરકાર

(૪) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમમાં સંક્ષિપ્તમાં ઈન્સાફી કાર્યવાહીમાં મેજીસ્ટ્રેટ વધુમાં વધુ કેટલી સજા કરી શકે ?
(અ) ૧ વર્ષ સુધીની (બ) ૨ વર્ષ સુધીની
(ક) ૩ વર્ષ સુધીની (ડ) ૫ વર્ષ સુધીની

(૫) ગુજરાત પોલીસ એક્ટમાં કુલ કેટલી કલમો છે ?
(અ) ૧૫૦ કલમો (બ) ૧૬૦ કલમો
(ક) ૧૬૮ કલમો (ડ) ૧૭૦ કલમો

(૬) જિલ્લાનું પોલીસદળ કોમના નિયંત્રણમાં રહે છે ?
(અ) એક્ઝ્યુકેટીવ મામલતદાર (બ) જિલ્લા પોલીસવડા
(ક) જિલ્લા પોલીસવડા (ડ) ગૃહરાજયમંત્રી

(૭) જિલ્લા પોલીસ ફરિયાદ સત્તામંડળમાં રાજય સરકાર કેટલા ધારાસભ્યોની નિમમૂંક કરે છે ?
(અ) એક (બ) બે
(ક) ત્રણ (ડ) પાંચ

(૮) ગુજરાતમાં એટ્રોસીટી એક્ટનો અમલ કયારથી થયો ?
(અ) ૩૦ જાન્યુ, ૧૯૮૫ (બ) ૩૦ જાન્યુ., ૧૯૯૦
(ક) ૨ ઑક્ટો. ૧૯૮૫ (ડ) ૨ ઓક્ટો, ૧૯૯૦

(૯) ભારતના કયા રાજયમાં એક્ટ્રોસીટી એક્ટ લાગુ પડતો નથી ?
(અ) દિલ્હી (બ) પોંડીચેરી
(ક) ગોવા (ડ) જમ્મુ અને કાશ્મીર

(૧૦) એટ્રોસીટી એક્ટમાં કુલ કેટલા પ્રકરણો અને કલમો છે ?
(અ) ૪ પ્રકરણ, ૩૧ કલમ (બ) ૫ પ્રકરણ, ૨૧ કલમ
(ક) ૪ પ્રકરણ, ૨૩ કલમ (ડ) ૫ પ્રકરણ, ૨૩ કલમ

(૧૧) કોઈ જાહેર સેવક એટ્રોસીટી એક્ટ ગુનો કરે તો ઓછામાં ઓછી કેટલા સમયની કેદ થાય છે ?
(અ) ૬ માસ (બ) ૧૨ માસ
(ક) ૨૪ માસ (ડ) ૩૬ માસ

(૧૨) એટ્રોસીટી એક્ટના ગુનાઓ માટે ખાસ અદાલત કોણ રચી શકે?
(અ) કેન્દ્ર સરકાર (બ) રાજય સરકાર
(ક) રાષ્ટ્રપતિ (ડ) ગર્વનર

(૧૩) એટ્રોસીટી એક્ટ માટે ખાસ અદાલત રચવા રાજય સરકાર કોની સાથે વિચારણા કરે છે?
(અ) ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ (બ) હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ
(ક) ગવર્નર (ડ) રાજય પોલીસ વડા સાથે

(૧૪) ગુજરાત પ્રોહિબીશન એક્ટમાં કુલ કેટલાં પ્રકરણ અને કલમો છે ?
(અ) ૧૦ પ્રકરણ, ૧૪૯ કલમો (બ) ૧૧ પ્રકરણ, ૧૪૯ કલમો
(ક) ૧૦ પ્રકરણ, ૧૩૯ કલમો (ડ) ૧૧ પ્રકરણ, ૧૩૯ કલમો

(૧૫) ગુ. પ્રો. એક્ટની જોગવાઈ મુજબ કઈ વસ્તુઓ જકાત પાત્ર છે ?
(અ) દવાઓ (બ) નશીલા પદાર્થો
(ક) રસાયણો (ડ) રાસાયણિક ખાતરો

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ

- **૮ સપ્ટેમ્બર ૧૯૨૯ :** સુરેન્દ્રનગર પાસેના ઢાંકણીયા ગામે જન્મ. કંસુબલ ડાયરાને દરબારગઢમાંથી આમ પ્રજા લાવવાનું યશોદાયી કાર્ય કર્યું. રાજકોટ આકાશવાણી કેન્દ્રમાં સેવા આપી. ૧૯૬૫માં નિધન થયું.
- **૯ સપ્ટેમ્બર ૧૮૫૦ : ભારતેન્દુ હરિશ્ચંદ્ર :** હિન્દી ભાષાનું ગૌરવ વધારનાર. સ્ત્રી શિક્ષણના હિમાયતી 'કવિવચન સુધા' સામાયિકના પ્રણેતા. 'બાલા બોધિની' નામની પત્રિકા ચલાવનાર, ૩૫ વર્ષની વયે ૧૮૮૫માં નિધન થયું.
- **૧૦ સપ્ટેમ્બર ૧૮૮૭ : ગોવિંદ વલ્લભ પંત :** હિમાલયની તળેટીમાં આવેલ ખૂંટ નામના ગામમાં જન્મ. બી.એ. એલ.એલ.બી. થઈ વકીલાત શરુ કરી. અસહકારની લડતમાં જેલમાં ગયા. તેમની સેવાઓ માટે 'ભારત રત્ન' એવોર્ડથી સન્માનિત કરાયા. ૧૯૬૧માં નિધન થયું.
- **૧૧ સપ્ટેમ્બર ૧૮૮૫ : વિનોબા ભાવે :** રાયગઢ જિલ્લાના ગાગોદ ગામમાં જન્મ. કર્તવ્યશીલ, સમાજસુધારક, તથા આઝાદીના લડવૈયા, પ્રથમ સત્યાગ્રહી, જેલમાં ગયા. 'જયજગત' મંત્ર આપનાર. ૧૯૮૨માં નિધન થયું.
- **૧૨ સપ્ટેમ્બર ૧૯૧૨ :** પારસી કુટુંબમાં મુંબઈનાં જન્મ. સમાજવાદી અને બિનસાંપ્રદાયિક લોકશાહીવાદના વિચારક, ઈન્દિરા ગાંધી સાથે લગ્ન થયા. રાજીવ ગાંધી અને સંજય ગાંધી એવા બે તેજસ્વી પુત્રોના પિતા. ૧૯૬૦માં ૪૮ વર્ષની વયે નિધન થયું.
- **૧૩ સપ્ટેમ્બર ૧૯૬૯ : શેન વોર્ન :** ક્રિકેટનો સર્વશ્રેષ્ઠ લેગ સ્પીનર, ઓસ્ટ્રેલિયાના વિકરોટીયામાં જન્મ. ટેસ્ટમાં ૭૦૮ અને વન-ડેમાં ક્રિકેટ મેચમાં ૨૯૩ અને ફર્સ્ટ કલાસ ક્રિકેટમાં ૧૩૧૯ વિકેટો લેનાર વિશ્વનો ખ્યાતનામ ખેલાડી.
- **૧૪ સપ્ટેમ્બર ૧૮૪૯ : ઈવાન પેટ્રોવિચ પાવલોવ :** રશિયાના વતની. સેન્ટ પિટર્સબર્ગ વિશ્વ વિદ્યાલયમાં અભ્યાસ કર્યો. સંશોધન માટે પ્રયોગ શાળા ખોલી. ૪૧ વર્ષની વયે મેડીકલ એકેડમીમાં અધ્યાપક બન્યા. ૧૯૦૪માં નોબલ પારિતોષિક મેળવ્યું. ૧૯૩૬માં નિધન થયું.

ગત સપ્તાહના સવાલનો જવાબ

તમિલનાડુમાં તાજેતરમાં કયો પક્ષ એન.ડી.એ. સાથે જોડાયો ?

જવાબ : અન્નાદ્રમુક પક્ષ

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૨) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો. જુ. સાયન્સ કૉલેજ
(૩) નટુભાઈ દરજી : પેથાપુર
(૪) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૫) મહેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
(૬) હાર્દિક મકવાણા : સે-૨૪
(૭) શૈલેષ ઝેડ. પટેલ : ગાયત્રી રેસીડેન્સી.

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા કયા મહિલા નેતાને સંરક્ષણ પ્રધાન બનાવવામાં આવ્યા ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

(૧) અ (૨) બ (૩) ડ (૪) અ (૫) ક (૬) બ (૭) બ (૮) બ (૯) ડ (૧૦) ડ (૧૧) બ (૧૨) બ (૧૩) બ (૧૪) બ (૧૫) બ

ફાલસીપેરમ, ડેન્ગ્યુ અને સ્વાઈન ફ્લુ...



તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

ઘણી વખત લેખ લખવા બેસીએ ત્યારે શું લખવું, ક્યા વિષય પર લખવું એ મનમાં શંકા અને ઉદ્વેગ રહ્યા કરતો હોય છે. આમ તો દરેક બિમારીમાં ડૉક્ટરને બતાવો, ડૉક્ટર દવા આપે અને સારું થઈ જાય. પણ આપણી વાત એ છે કે, દરેક ઋતુમાં રોગ બદલાયા કરતા હોય છે. જેમ કે અત્યારે ચારે બાજુ સ્વાઈન ફ્લુ... સ્વાઈન ફ્લુ... ચાલી રહ્યું છે. આપણને ઘણી વખત કંટાળો આવે, ઘણી વખતે એ વધારે પડતું લાગે. પણ જેનાં ઘરમાં કોઈને સ્વાઈન ફ્લુ થયો હોય એને જઈને પૂછી આવો... કે સ્વાઈન ફ્લુના હિસાબે તમારા ઘરમાં કેવી હાલત છે. દરેકના ઘરમાં અથવા તો દરેક વ્યક્તિને સ્વાઈન ફ્લુ થઈ શકે અને એ ન થાય એ માટે શું કરવું જોઈએ એની નાની-નાની ટિપ્સ એટલે કે જાણકારી આપતા હોઈએ છીએ. જોકે, સ્વાઈન ફ્લુની જાણકારી માટે સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ, ઈન્ડિયન મેડીકલ એસોસિએશન બધા જ પોતપોતાની રીતે લોકોને સજાગ કરવા પ્રયત્ન કરતા હોય છે. એટલે વધારે પડતો અતિરેક લાગે પણ એ જરૂરી છે. હવે થોડો સ્વાઈન ફ્લુ કંટ્રોલમાં હોય એવું લાગે છે. પણ હવે નવેમ્બર - ડિસેમ્બર અને જાન્યુઆરીમાં ફરીથી સ્વાઈન ફ્લુ ત્રાટકવાની શક્યતાઓ બહુ જ રહેલી છે. એટલે એ વખતે જે સ્વાઈન ફ્લુ થશે તેના વાયરસ જુદા હશે. એટલે આ વખતે જે લોકોએ રસી લેવડાવી હશે તેમને કદાચ જાન્યુઆરીમાં ફરીથી રસી મૂકાવી પડશે. કારણ કે એ વખતના સ્વાઈન ફ્લુના વાયરસ જુદા હશે. પણ હા.. આપણું જૂનું અને જાણીતું એટલે કે અમૃત કહી શકાય એવું તુલસી પાન, આદુનો રસ, લીંબુનો રસ, હળદર એ ગમે તે વાયરસ બદલાય પણ રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે એનું એ જ રહે છે. એટલે આપણે આને અકસીર ઈલાજ કહી શકીએ. જેનાથી સ્વાઈન ફ્લુ થતો અટકે છે. આ તો આપણે ભવિષ્યની વાત કરી એટલે કે ત્રણ - ચાર મહિના પહેલાની વાત કરી. પણ હવે અત્યારે શું થઈ શકે ? તો સાહેબ, હવે વારો છે ડેન્ગ્યુનો અને મેલેરિયાનો અને સાદો મેલેરિયા નહીં ઝેરી મેલેરિયા જેને લોકો... લોકો એટલે ડૉક્ટરો ફાલસીપેરમ તરીકે ઓળખે છે. ઘણી વખતે આવું કહેતા અને લખતા દુઃખ થાય છે, પેન પાછી પડે છે પણ સત્ય એટલે સત્ય એ લખવું જ પડે. એનું કારણ છે હવામાન. હવામાનમાં ફેરફાર થવાથી જુદા જુદા વાયરસ અને જુદા જુદા મેલેરિયાના જંતુના મચ્છર ઉગે છે. અને કંટ્રોલ આપણે કરીએ છીએ પણ કહેવાય છે ને કે પોલીસ કરતાં ચોર વધારે હોંશિયાર હોય. એવી જ રીતે આપણે જે કંઈ પ્રયત્ન કરીએ છીએ તેના કરતાં મચ્છર અને વાયરસ આપણા કરતાં આગળ ચાલે છે. તેથી જ તો આપણે વધારે કાળજી રાખવી પડે, વધારે વાચવું પડે, વધારે સમજવું પડે અને પોતાની જાતને યોદ્ધાની જેમ સજ્જ રાખવી પડે. અત્યારે તો બહુ દેખાતાં નથી પણ થોડાક વખતમાં ડેન્ગ્યુનો હાહાકાર પાછો શરૂ થઈ જશે. અને સરકારના સર્વે પ્રમાણે, સરકારના કહ્યા પ્રમાણે ડેન્ગ્યુ અને ફાલસીપેરમના કેસ દીવાળી પર વધારે પ્રમાણમાં જોવા મળશે. હવે આ પરિસ્થિતિમાં તમે તમારી જાતને આ બંનેથી બચાવવા માટે જો પ્રયત્ન કરો તો આપણે પણ બચી શકીએ અને બીજાને પણ બચાવી શકીએ. અને અત્યારે સ્વાર્થી થવામાં વધારે ફાયદો છે. પહેલાં તમારી જાતને પછી તમારા આજુબાજુના કુટુંબના સભ્યોને, પછી આજુબાજુના પડોશીઓને, તમારા ગામના લોકોને અને ત્યારબાદ દેશના લોકોને ફાયદો થાય એવી રીતે સેવા કરવી જોઈએ. એટલે પહેલા તો પોતાની જાતને મનોબળ પૂરું પાડી અને ડેન્ગ્યુ, ફાલસીપેરમ, મેલેરિયા, કમળો વગેરે ન થાય માટે સજ્જ કરવી જોઈએ. સજ્જ કરવા માટે શું કરવું જોઈએ ? આપણે વાતો તો મોટી મોટી કરીએ છીએ પણ કરવાનું શું? ભાઈ સ્વાઈન ફ્લુમાં આપણે કશું કરી શકતા નથી. સિવાય કે પોતાની જાતને, પોતાના શરીરને રોગપ્રતિકારક શક્તિ વધારીને પોતાની જાતને બચાવી શકીએ. પણ ડેન્ગ્યુમાં શું થઈ શકે ? સરકાર ઘણી વખતે ડેન્ગ્યુ માટે જાહેરાતો કરે છે. ડેન્ગ્યુ ચોખ્ખા પાણીમાં મચ્છરને ઉછેરે છે. ચોખ્ખા પાણીમાં જ ડેન્ગ્યુના મચ્છર વધારે પ્રમાણમાં ઉગે છે અને એ દિવસે જ અથવા તો રાત્રે જ્યારે તેને તક મળે ત્યારે કરડે છે અને કરડ્યા પછી બે થી ત્રણ અઠવાડિયામાં ડેન્ગ્યુ થાય છે. એ જ રીતે ફાલસીપેરમ, મેલેરિયાના જંતુઓ પણ મચ્છરથી જ થાય છે. ફાલસીપેરમ અથવા તો સાદા મેલેરિયાવાળા મચ્છરને કેમ કરીને કંટ્રોલ કરવા અથવા તો તેને ઉગવા જ ન દેવા એ બધાને ખબર છે પણ આપણે કરતાં નથી. કારણ કે મને તો કંઈ ન થાય, આપણને કશું થાય જ નહીં અને થાય તો થઈ પડશે આવી માનસિક્તાથી આપણે બધા જ જીવનને ઠેલવ્યા કરીએ છીએ. મતલબ, કશું જ પણ વિચારતા નથી. પહેલા તો પોતાના માટે નથી વિચારતા તો બીજાના માટે શું વિચારવાના. એના હિસાબે સરકાર કરશે. સરકારને આપણે વોટ શા માટે આપ્યો છે. આ જવાબદારી તો સરકારની છે. મારા ભાઈ આ માનસિક્તામાંથી જ્યાં સુધી બહાર નહીં નીકળીએ ત્યાં સુધી ખુદ કૃષ્ણ ભગવાન પણ સરકારમાં આવીને બેસશે તો પણ મેલેરિયા, સ્વાઈન ફ્લુ, ફાલસીપેરમ જેવા રોગો તો થવાના જ. માટે હવે મારે કહેવાની જરૂર નથી કે મચ્છર ન ઉત્પન્ન થાય એના માટે તમારે શું કરવું. મોટા મોટા માણસોને ત્યાં બધુ જ સરસ હોય પણ સાહેબ એના ફ્રીજમાંથી મેલેરિયાના મચ્છર મળે છે, ડેન્ગ્યુના મચ્છર મળે છે. ત્યારે નવાઈ લાગે અને ગુસ્સો પણ આવે. આવડો મોટો માણસ, તેના ઘરમાં માણસો પણ નોકરી કરતા હોય તો પણ એના ઘરમાંથી ડેન્ગ્યુના મચ્છર મળે એના શું કહેવું એ તમે જ બોલો. આ હસવાની વાત નથી. હવે તમે તમારા ઘરમાં જાવ અને તમારું ફ્રીજ તપાસો, એમાં ગંધ આવે છે, દર અઠવાડિયે મચ્છરરહિત, જીવાતરહિત ફ્રીજ અને ઘરની દરેક જગ્યાએ કે જ્યાં જ્યાં પાણી ભરાયેલું રહેતું હોય એવી જગ્યાઓ સાફ કરો. થોડા સજાગ થાવ.